**રાજય સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ—સીઆરઆર—૧૦૯૬—૨૨૧૩—ગ.ર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ—૩૧/૮/૨૦૦૪.

**વંચાણમાં લીધાઃ—** સા.વ.વિ.નો સરખા ક્રમાંકનો તા.૨૨—૫—૧૯૯૭ નો પરિપત્ર,

**પ રિ પ ત્રઃ—**

સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨—૫—૯૭ ના પરિપત્રથી રાજય સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે રાખવામાં આવેલ અનામત જગ્યા સંબંધેના વિવિધ મુદ્દાઓની સ્પષ્ટતા ઉકત પરિપત્રના ફકરા—૨ માં કરવામાં આવેલ છે. આ સ્પષ્ટતાઓ પૈકી મુદા ક્રમાંકઃ૮ માં "વિવિધ મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાના થાય છે કે કેમ ? જો હા, તો તે માટે શું સિધ્ધાંતો અનુસરવાના રહેશે." તે અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આ સ્પષ્ટતા મુજબ વિધવા મહિલા ઉમેદવારને સ્પર્ધાત્મક / મૌખિક પરીક્ષામાં કુલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી આપી પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે તેમ જણાવેલ છે. આ અંગે પુનઃ વિચારણા જરૂરી જણાતા, બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારની કાળજીપૂર્વકની વિચારણાના અંતે, ફકરા—૨ નાં મુદા ક્રમાંકઃ૮ અંગે હાલની જોગવાઈના સ્થાને નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૮. | વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની થાય છે કે કેમ ? જો હા, તો તે માટે શું સિધ્ધાંતો અનુસરવાના રહેશે ? | વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની થાય છે જે માટે નીચેના સિધ્ધાંતો અનુસરવાના રહેશેઃ—<br>(૧) જે જગા માટે માત્ર સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિથી ભરતી કરાતી હોય તે જગા પર વિધવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમણે સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ, મેળવેલ ગુણમાં ઉમેરી પસંદગીયાદી તૈયાર કરવાની રહેશે. તે જ પ્રમાણે માત્ર ઉમેદવારની રૂબરૂ મુલાકાતને આધારે જ જગા પર પસંદગીથી ભરતી કરાતી હોય તેવી જગાની બાબતમાં પણ ઉમેદવારે રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ, મેળવેલ ગુણમાં ઉમેરવાના રહેશે.<br>(૨) જે કિસ્સામાં સ્પર્ધાત્મક પરીક્ષા અને રૂબરૂ મુલાકાત બંનેની જોગવાઈ હોય તે કિસ્સામાં ઉપર ક્રમ(૧) મુજબ દરેક તબકકે ૫ ટકા ગુણ ઉમેરી પસંદ થયેલા ઉમેદવારની પસંદગીયાદી તૈયાર કરવાની રહેશે.<br>(૩) જે કિસ્સામાં પરીક્ષામાં બેસવા અથવા તો ઈન્ટરવ્યુ આપવા માટે એસ.એસ.સી. વગેરે લાયકાતની પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે પાત્રતા નકકી થતી હોય તેવા કિસ્સામાં પાત્રતા નકકી કરવાના હેતુસર ગુણની જરૂરિયાતમાં ૫ ટકાની છૂટ મુકવાની રહેશે.<br>(૪) પર (૧) થી (૩) મુજબનો માત્ર લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે, જેમણે ભરતી તથા નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોય. |

૨. સરકારના ઉપરોકત હુકમોનું ચૂસ્તપણે પાલન કરવા તમામ નિમણૂંકી સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે. આ હુકમોના ચુસ્ત અમલની સઘળી જવાબદારી નિમણૂંકી સત્તાધિકારીની રહેશે.

૩. ઉપરોકત સૂચનાઓ રાજય સરકારના નિયંત્રણ હેઠળના બોર્ડ/ કોર્પોરેશન/યુનિવર્સિટી વગેરેના ધ્યાન ઉપર લાવવા અને તેનું ચુસ્તપણે પાલન કરવા અંગે સંબંધિત વિભાગોને આથી સૂચનાઓ આપવામાં આવે છે.

૪. આ હુકમો આ પરિપત્રની રવાનગીની તારીખથી અમલમાં આવશે અને રવાનગીની તારીખે જે પરીક્ષાના પરિણામ પ્રસિધ્ધ થવાના બાકી હોય તેમાં આ જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

– રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
– મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
– વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
– સર્વે મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય. ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.(૧૦ નકલો)
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, જુનું સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
– સચિવાલયના સર્વે વિભાગો(વીસ નકલો)
– સર્વે ખાતાના વડાઓ / કચેરીઓના વડાઓ.
– સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/ અધિકારીઓ.
– પસંદગીની ફાઈલ–ગ.ર શાખા.
× [illegible] દ્વારા.